મે ૨૦૧૦ વર્ષ ૩ અંક ૩

શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY
For Private Circulation Only

# પ્રિય બાબુજી મહારાજના ૧૧૧ મા જન્મદિવસનો ઉત્સવ




૨૯ એપ્રિલ થી ૧ લી મે ૨૦૧૦ દરમિયાન બાબુજી મહારાજના ૧૧૧ મા જન્મદિવસની ઉજવણી તિરુપુરમાં ડી.જે.પાર્ક ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે લગભગ ૯,૦૦૦ અભ્યાસીઓ ભેગાં થયાં હતાં. ૨૯મીએ પૂ.માસ્ટરે સત્સંગ કરાવ્યો અને પછી ઘણાં નવાં પ્રકાશનોનું વિમોચન કર્યું. ૩૦મીએ સવારે તેમણે સત્સંગ કરાવ્યા બાદ, પૂ.બાબુજી મહારાજ તરફથી આવેલાં ત્રણ સંદેશાઓ વાંચ્યા. તે પછી તેમણે નવ લગ્નો કરાવ્યા.

એપ્રિલ ૧૯, ૨૦૧૦ (બાબુજી મહારાજનો મહાસમાધિ દિન)નાં પ્રથમ સંદેશામાં બાબુજી કહે છે, "યાત્રાનું અંતિમ લક્ષ્ય, એટલે કે દિવ્યતાને ઝંખતા આત્માને ખીલવવા માટે આપણા માર્ગમાં બધું જ કાર્ય કરતું હોય છે. તેમને (અભ્યાસીઓને) શરૂઆતના મૂળભૂત તત્ત્વો આપવામાં આવ્યાં છે. પોતાના પ્રયત્નો અને સતત ખંતથી વિકાસ પામવો,તે હવે આપણા લોકોના હાથમાં છે."

બીજો સંદેશો ૨૯ એપ્રિલ, ૨૦૧૦ના રોજ મળ્યો:"અહીં, નીચે, શ્રધ્ધાળુ આત્માઓનું સંમેલન હૃદયસ્પર્શી છે. એક સાચું પ્રેમગીત અમારી તરફ ઊંચે ઉઠે છે. જન્મોત્સવની ઉજવણીથી વધારે તો એ છે કે આખુંય મિશન આ પ્રસંગે ઊંચે ઉઠી આવે છે. તેનાથી હૃદયોને દૈદિપ્યમાન કરતો દિવ્ય પ્રવાહ આકર્ષાય છે.

૩૦મીએ સવારે પ્રાપ્ત થયેલા સંદેશામાં, માસ્ટરને સંબોધીને બાબુજી મહારાજ કહે છે, "હે મારા પુત્ર, તું મનુષ્યોનો નેતા છું, જન્મથી જ એક વ્યવસ્થાપક છું. આ પરિમાણથી તને આપણા મિશનમાં એક વિશિષ્ટ સ્થાન મળે છે, જેને કારણે સેંકડો વર્ષો સુધી તારું સ્થાન પ્રતિમાત્મક જળવાઈ રહેશે. હું પ્રાર્થના કરું છું કે આવતી કાલની દુનિયા આ ભલમનસાઈને ખાતર એક થાય અને આ અજોડ શકિતને જાણે, કે જેના વગર આ દુનિયા કેટલાય વર્ષો પહેલાં જ હતી–નહતી થઈ ગઈ હોત."

પૂ.માસ્ટરે કહ્યું કે સાધકના જીવનમાં ત્રણ આવશ્યક છે: ગુરુ પ્રત્યેનો પ્રેમ, ગુરુ સાથે સત્સંગ અને ગુરુની આગ્નાનું પાલન. આપણી દૈનિક સાધના કરીને આપણે સૌએ આ દિવ્ય જ્યોતને સળગતી જ રાખવાની જરૂર છે. તેમણે તેમના બાબુજી મહારાજસાથેના એ દિવસોને વાગોળ્યા કે જ્યારે પ્રેમથી ફાટફાટ થતાં હૃદયો ધરાવતાં લોકો ભંડારા માટે ભેગાં થતા હતા અને જ્યારે લોકોમાં આધ્યાત્મિક પ્રગતિ થઈ કે નહીં, તેવી કોઈ પણ આશા રાખવામાં આવતી નહીં. "આ કંઈ લેણ–દેણની વાત નથી કે આપો અને લો. આમાં તો તમારે મેદાનમાં બધું જ ન્યોચ્છાવર કરી દેવાનું હોય છે અને પ્રયત્ન એ કરવાનો છે કે તે જે કંઈ આપશે, તે તેની ઈચ્છા મુજબ આપશે અને તે સમયે તમારા માટે જે કંઈ યોગ્ય હશે, તે સમયે જે આપે, તો તેમાં તમારે ખૂબ આનંદ લેવાનો હોય છે."

આ વકતવ્યનો પૂરો ઓડિયો સાંભળવા માટે કલીક કરો: http://www.sahajmarg.org/audio/talk/april-30-2010-tiruppur






"સહજ માર્ગ જીવનમાં સાદગી શીખવાડે છે. તમારે તમારી વ્યક્તિગત જિંદગીમાં સરળતા શીખવે છે. તમારામાંના સૌ કોઈએ સરળ બનવા, જરૂરિયાતો ઘટાડેએને, ઈચ્છાઓને સાદી બનાવીને ખૂબ પ્રયત્ન કરવો જોઈએ. બાબુજી મહારાજે ખૂબ ભારપૂર્વક કહ્યું છે કે આપણી જરૂરિયાતોની પૂર્તિ કરવામાં આવશે, ઈચ્છાઓની નહીં. આ ચિત્રમાં ઈચ્છાઓનું કોઈ જ સ્થાન નથી."

ભોજન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમો હતાં, લાલાજી મેમોરિયલ સ્કૂલ (એલ.એમ.ઓ.આઈ.એસ.) ના શિક્ષકો તરફથી કેટલીક શિક્ષિકા બહેનોએ નૃત્ય કર્યું હતું. મુંબઈના અભ્યાસીઓએ એક નાટકનું અને ડો.જયન્તી અને કુમારેશ દ્વારા સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંમેલનના આ આધ્યાત્મિક વાતાવરણમાં અભ્યાસીઓ મસ્ત થઈ ગયા અને દરેકને પૂ.માસ્ટરની સેવાની તેમજ તેમના કાર્યમાં હાથ મિલાવવાની તક મળી.





## પૂ.માસ્ટરનો પ્રવાસ



### ચેન્નાઈ

જબલપુર ખાતેના વસંતોત્સવની ઉજવણી પછી પૂ.માસ્ટર ૧૦ ફેબ્રુઆરીએ ચેન્નાઈ પાછા ફર્યા.આવતાની સાથે જ તેમણે લાલાજી મેમોરિયલ ઓમેગા ઈન્ટરનેશનલ સ્કૂલ (એલએમઓઈસ)ની મુલાકાત લીધી કે જેથી ત્યાં ચાલી રહેલા બાંધકામનું અવલોકન કરી શકાય. અભ્યાસીઓ તેમનામાંનો બાળસહજ ઉત્સાહ આશ્ચર્યપૂર્વક જોતાં જ રહી ગયા કે છેલ્લા કેટલાક સપ્તાહોથી કરેલા કઠિન પ્રવાસ પછી પણ તેમણે આરામ ન કર્યો. તે પછીના દિવસોમાં પૂ.માસ્ટરે તેમને માટેનો અતિ આવશ્યક આરામ કર્યો.

૧૫મી ફેબ્રુઆરીએ પૂ.માસ્ટરે રશિયાના અભ્યાસીઓ સાથે સવારનો નાસ્તો કર્યો. તેમણે તેમની સાથે શાસ્ત્રો, મંદિરો, ધાર્મિક રીત–રિવાજો વગેરે વિષે વાતચીત કરી. તેમણે તેમને કહ્યું, "આપણા જીવનનું લક્ષ્ય છે, આપણા મૂળ ઘરે પાછા જવું, તેના આચરણના માર્ગને ધર્મ કહેવાતો. પરંતુ ધર્મોએ દુનિયામાં લોકોનું વિભાજન કર્યું, જ્યારે આધ્યાત્મિકતાએ લોકોને જોડ્યા."

ભયને કેવી રીતે દૂર કરવો, તે પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું, "ખ્રિસ્તી ધર્મમાં ઈસુ કહે છે, પૂર્ણ પ્રેમથી ભય દૂર થાય છે. આપણી પાસે પૂર્ણ પ્રેમ તો હોતો નથી, આપણી પાસે પ્રેમ પણ નથી હોતો, આપણી પાસે માત્ર આસક્તિ હોય છે, આપણી પાસે પરાધીનતા હોય છે, આપણી પાસે જરૂરિયાતો હોય છે. પ્રેમ ક્યાં હોય છે? તેથી જ્યાં પ્રેમ નથી, ત્યાં ભય હોય છે. આપણે બધાં વિચારીએ છીએ કે આપણે કોઈને પ્રેમ કરીએ છીએ, ખરેખર આપણે પ્રેમ નથી કરતા. માત્ર પ્રેમ જ ભયને દૂર કરી શકે છે. જો તમે તમારા પિતાથી ગભરાતા હો, તો તમે પિતાને પ્રેમ નહીં કરી શકો. જો તમે કહો કે 'હું તને પ્રેમ કરું છું', તો તમારે તે સાચા અર્થમાં માનીને કહેવું જોઈએ, ખાલી ઔપચારિકતા ખાતર કહેવું ન જોઈએ."

તે પછીના દિવસોમાં પૂ.માસ્ટર, ખાસ કરીને વિદેશથી આવેલા અભ્યાસીઓને મળવામાં વ્યસ્ત રહ્યા – દરરોજ સાંજે તેઓ કોટેજની લોનમાં બેસતા અને અભ્યાસીઓ સાથે વાતચીત કરતા અને પછી સામાન્ય રીતે ત્યાં હાજર રહેલા ભાગ્યશાળી અભ્યાસીઓને સીટીંગ આપીને સમાપન કરતા.



મુંબઈના અભ્યાસીઓ સાથે







૨૫મી ફેબ્રુઆરીએ તેમણે ધ્યાનખંડમાં ધ્યાનના સંચાલન બાદ કેટલાક લગ્નો સંપન્ન કર્યા.

પૂ.માસ્ટર સાથે રહેવા લગભગ ૪૦૦ અભ્યાસીઓનું જૂથ મુંબાઈથી આવ્યું હતું. તેમને વારંવાર ધ્યાનની બેઠકો આપીને તેમણે તેમની ખાસ સંભાળ લીધી અને તેમાંના ઘણાંને તેઓ વ્યક્તિગત રીતે મળ્યા. તેઓ શનિવારે સાંજે, સામૂહીક શયનખંડ 'એ' (ડોરમેટરિ) ખાતે લોકોને મળ્યા અને વાતચીત કરી. તેમણે તેમની સાથે રહેવા માટે ચેન્નાઈના પ્રવાસ માટે અભ્યાસીઓનો આભાર માન્યો કારણકે તેમના માટે બધા કેંન્દ્રોનો હાલના દિવસોમાં પ્રવાસ કરવો કઠિન છે. તેમણે આશા વ્યક્ત કરી કે તેઓ વારંવાર આવતા રહેશે.

૨૮મી ફેબ્રુઆરીએ, મુંબાઈથી આવેલા અભ્યાસીઓએ બાબુજી મહારાજની જિંદગી ઉપર એક પ્રહસન રજૂ કર્યું. તે બાબુજીની જિંદગીના પ્રસંગોને દર્શાવતું એક ગતિશીલ નાટક હતું. માસ્ટર નાટક પછી કલાકારોને કુટિરમાં મળ્યા. તેમણે બાબુજીની ભાવનાશીલ યાદોને વાગોળી અને તેમની સાથે સમય વિતાવ્યો. વાતાવરણ એવું તો દિવ્ય થઈ ગયું કે દરેકને તેમ લાગ્યું કે તેઓ શાહજહાંનપુરમાં છે.

## ત્રિચી

માસ્ટર ૩૦ અભ્યાસીઓ સાથે ત્રિચી જવા રવાના થયા. ત્રિચીમાં સ્થાનિક અભ્યાસીઓએ તેમનું સ્વાગત કર્યું. તેઓ શહેરના કેન્દ્રથી ૮ કીલોમીટર દૂર આવેલા "જાનકી" ફાર્મ હાઉસ ઉપર ગયા.

તેમણે ૩જી માર્ચ, બુધવારે આશ્રમ ઉપર સત્સંગનું સંચાલન કર્યું. પાછા ફરીને તેઓ ગૌશાળા ગયા અને નવા જન્મેલાં વછરડાઓનું નામકરણ કર્યું. તેઓ ખૂબજ ખૂશમિજાજમાં હતાં અને તેમણે નામકરણનો આનંદ માણ્યો.

૪થી માર્ચે, તેઓ ડાંગરના વાવેતરનું નિરીક્ષણ કરવા જાનકી ફાર્મમાં ગયાં. કેટલાક અભ્યાસીઓએ વાવેતરમાં મદદ કરી. ખેતરમાં કાદવ હોવા છતાં, એક ઉત્સવનું વાતાવરણ હતું. માસ્ટરે બધા ભેગા મળેલા લોકો માટે સાંજે સત્સંગનું સંચાલન કર્યું. માસ્ટર બહાર આવ્યા અને ઘરના આગળની હરિયાળીમાં બેઠા અને વિદેશથી આવેલા કેટલાક અભ્યાસીઓને મળ્યા. અને પછી, સત્સંગનું સંચાલન કર્યું.

૭મી માર્ચ, રવિવારે, માસ્ટરે ધ્યાનખંડમાં સત્સંગનું સંચાલન કર્યું, જેમાં ઘણાં સ્થાનિક અભ્યાસીઓએ ભાગ લીધો. લીધો હતો. તેઓ ખૂશમિજાજ અને પ્રફુલ્લિત જણાયા.

તેમના અહીંના નિવાસ દરમ્યાન, તેઓ ખેતરમાં આંટા મારવા અનેક વખત બહાર નીકળ્યા. તેમણે આ ખૂબ જરૂરી એવા આ શાંત સમયગાળામાં પણ તેમણે ઘણાં કામ ચાલુ રાખ્યા અને પછી ૧૦મી માર્ચે માસ્ટર ચેન્નાઈ પાછા ફર્યા અને ખડગપુર જવા માટે કોલકાતા જવા રવાના થયા.

## ક્રેસ્ટ – ખડગપુર

માસ્ટરનું પ્રાંગણ ખાતે ૧૨મીએ આગમન થયું અને સાંજે ૫ વાગે સત્સંગનું સંચાલન કર્યું. દ્વિતીય ( નવા પ્રશિક્ષક તાલિમ કાર્યક્રમ) ક્ષ્ગ્છ્ગ ક્રેસ્ટ – ખડગપુર ખાતે ૧૨મી થી ૧૪મી માર્ચે રખાયો હતો. આ પરિસંવાદ તાજેતરમાં નીમાયેલા પ્રશિક્ષકોને સહજ માર્ગના વિવિધ પાસાઓથી માહિતગાર કરવા કરવા માટે રખાયો હતો, જે તેમને પ્રશિક્ષક તરીકેની જવાબદારીઓ નિભાવવામાં સુવિધા કરી આપે. માસ્ટરે એક લતામંડપનું ઉદઘાટન કર્યું અને તેમની આજુબાજુ અભ્યાસીઓ ભેગા થતા ખૂબજ વિશ્રાંતપૂર્વક ત્યાં બેઠા. તેમને આભ્યાસીઓએ પૂછ્યું કે શું અભ્યાસીઓ બીજા કોઈ સમયે લતામંડપનો ઉપયોગ કરી શકે છે? તો તેના જવાબમાં તેમણે કહ્યું, "હા, તે દરેકને માટે છે."

તેમણે જગ્યાની ચોખ્ખાઈ, પવિત્રતા અને શુધ્ધતા જાળવવા ઉપર ભાર મૂક્યો. માસ્ટરે ગંગા અને ગણેશની મૂર્તિઓના સ્થાપન માટેની જગ્યા દર્શાવી અને આધાર આપતા માળખા વિષે ચર્ચા કરી. બીજા દિવસથી કામકાજ ચાલુ થઈ ગયું ગયું કે જેથી પૂ.માસ્ટર આવનારા દિવસોમાં મૂર્તિઓના સ્થાપનનું નિરિક્ષણ કરી શકે.

૧૫મી થી ૨૧મી માર્ચ દરમ્યાન ક્રેસ્ટ સંસ્થાએ ઈરાનના અભ્યાસીઓ માટે આંતરરાષ્ટ્રીય પરિસંવાદ યોજ્યો હતો. તેમને પૂ.માસ્ટર સાથે રહેવા તથા થોડા દિવસ ગાળવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતાં.

મોટાભાગના સત્સંગ પૂ.માસ્ટરે કરાવ્યા. તેઓ ધ્યાન ખંડમાં ચાલીને આવતા ત્યારે ખુશમિજાજથી 'સલામ' કહેતા. ઈરાની અભ્યાસીઓ પણ એક અવાજે તેવા જ ઉષ્માભર્યા અને











ઉત્સાહી અવાજમાં 'સલામ' કહીને તેમનું અભિવાદન કરીને પ્રતિભાવ આપતા. ઈરાની અભ્યાસીઓ માટે વિવિધ કાર્યક્રમોનું સંચાલન કરવામાં આવ્યું હતું, જેમાં યુવા સભા, પ્રશિક્ષકો માટેની મીટીંગ હતી, જેમાં ૩૦ ઈરાની પ્રશિક્ષકો માટે મીટીંગ યોજાઈ હતી, જેમાં સાંજની પ્રશ્નોત્તરીની બેઠકમાં પૂ.માસ્ટર હાજર રહ્યા અને જેમાં દૈનિક અભ્યાસ પધ્ધતિના સ્પષ્ટીકરણનો કાર્યક્રમ, તેમજ દૈનિક અભ્યાસ, સ્ત્રીઓની ભૂમિકા ઉપર ચર્ચા, દસ જીવનસૂત્રો, નૈતિકતા, ચારિત્ર્ય ઘડતર, વીબીએસઈ વગેરેનો સમાવિષ્ટ કર્યો હતો. ઈરાન માટે માસ્ટરે પાંચ નવા પ્રશિક્ષકો બનાવ્યા. આખાય સપ્તાહની અંતિમ પરાકાષ્ટા રૂપે, છેલ્લે સૌને માટે માસ્ટર સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

યોગાનુયોગે, ઈરાની અભ્યાસીઓની માસ્ટર સાથેની મુલાકાત દરમ્યાન જ ઈરાની નૂતન વર્ષ પણ હતું. ચહાર–શનબેહ–સૂરી કહેવાતો આ ઉત્સવ નવરોઝ પહેલાના મંગળવારની સાંજે રાખવામાં આવ્યો હતો, તેથી ઈરાનીઓની ખુશીનો પાર ન રહ્યો. ઉજવણીના ભાગરૂપે ત્રણ નાની કૂંડીમાં આગ પ્રગટાવવામાં આવી હતી અને ગીત, અને ઢોલકના તાલે લોકો આગની ઉપર થઈને નાચતા અને કૂદતા હતા. આ કાર્યક્રમ નિહાળવા પૂ.માસ્ટર તેમની ગોલ્ફ કાર્ટમાં આવ્યા હતા.

૨૦મી માર્ચે ઈરાની નૂતન વર્ષ, નવરોઝ હતો. જમવાના ખંડમાં ટેબલને પરંપરાગત રીતે સજાવવામાં આવ્યું હતું અને ટેબલ પરની દરેક વાનગીના મહત્વ વિશે તેમણે માસ્ટરને વિગતવાર જણાવ્યું. સાંજે સંગીત અને નૃત્યના એક ટૂંકા કાર્યક્રમ બાદ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું, જે બધું ઈરાની અભ્યાસીઓએ પોતે બનાવ્યું હતું. પૂ.માસ્ટર સહિત જમવાના ખંડમાં હાજર સૌએ ભોજન ખુશીથી માણ્યું હતું. ઈરાની નૂતન વર્ષને આવકારવા માટે રાત્રીના ૧૦.૩૦ વાગ્યાના સત્સંગની આશ્ચર્યજનક જાહેરાતે દિવસ અને તેમની આખી મુલાકાતને સંપૂર્ણ બનાવ્યા.

૧૭મી માર્ચે પૂ.માસ્ટરે ગંગા અને ગણેશની મૂર્તિઓની સ્થપનાની દેખરેખ કરી. તેઓ ૨૧મી માર્ચે કોલકતા પાછા ફર્યા અને ભાઈ અજય ભટ્ટરના ઘરે રોકાયા. ૨૪મી માર્ચે તેઓ ચેન્નાઈ પાછા ફર્યા ત્યારે ઘણાંખરાં અભ્યાસીઓની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યાં. ઈરાની અભ્યાસીઓ તેમનો પ્રેમ આંસુ દ્વારા પ્રદર્શિત કરી રહ્યા હતાં અને તેમના પ્રિયતમ માસ્ટર સાથે વીતાવેલા આ અદભુત સપ્તાહની સ્મૃતિ તેમના હૃદયમાં ભરીને તેઓ પાછા ફર્યાં.

## કર્ણાટકા ખાતે સંમેલન

ચેન્નાઈ પાછા ફર્યા પછી પૂ.માસ્ટરની તબિયત બહુ સારી નહતી રહેતી અને તેમની કોટેજમાં મુલાકાતીઓની સંખ્યા મર્યાદિત કરી દેવામાં આવી હતી.

જે અભ્યાસીઓ આશ્રમ ખાતે હતા, તેમને તેમના દર્શન રવિવારે સવારે, જ્યારે તેમને સત્સંગનું સંચાલન કર્યું, ત્યારે થયા.

એપ્રિલની ૨જી થી ૪થી દરમિયાન કર્ણાટકાના ૩૦૦૦ અભ્યાસીઓ ભેગાં થયા હતા. આ ત્રણ દિવસ દરમિયાન પૂ.માસ્ટરે પાંચ સત્સંગ કરાવીને અભ્યાસીઓના હૃદયો છલોછલ ભરી દીધા.

આખાય મણપાક્કમ આશ્રમની સફાઈના ઘણાં મોટા કાર્યનું આયોજન નવા એ.એમ.સી દ્વારા કરવામાં આવ્યું . ૨૫૦થી ય વધારે ઉત્સાહી સ્વયંસેવકોનું કાર્ય વિશેષ દળ, આશ્રમની આજુબાજુના કાટમાળ સાફ કરવા અને આશ્રમના કેટલાક વિસ્તાર જેવા કે, આંબાવાડિયું, કોમપોસ્ટીંગ વિસ્તાર, પાર્કિંગ વિસ્તાર, કેન્ટીન અને ટોઈલેટ જેવાં કેટલાંક વિસ્તારો સાફ કરવા ભર તડકામાં કઠોર પરિશ્રમ કરવા લાગી પડ્યું. આ એક ભગીરથ કાર્ય હતું, પણ સ્વયંસેવકોએ ખૂબ આનંદસભેર તેને ઉઠાવ્યું હતું અને કાર્ય કરતાં કરતાં સૌને 'તેમની' ઉપસ્થિતિનો અનુભવ થતો હતો.

૩જીએ સાંજે પૂ.માસ્ટરે સાંસ્કૃતિક કાર્યક્રમ તેમની કોટેજમાંથી ટી.વી. પર નીહાળ્યો. કાર્યક્રમમાં ભાગ લેનારાઓને તેઓ પછીથી મળ્યા અને તેમની સાથે કેટલોક સમય ગાળ્યો.

બાળકો દ્વારા વિજ્ઞાન અને જાદુ વિષય પરના પ્રદર્શનમાં ઘણા પ્રયોગો વીબીએસઈના અભ્યાસક્રમમાંથી લેવામાં આવ્યા હતા.


૪થી એપ્રિલે, રવિવારના સત્સંગ પછી ભાઈ દોરાઈસ્વામીએ તેમના વિચારો રજૂ કર્યા. તે પછી પૂ.માસ્ટરે પ્રાદેશિકતા અને ભાષાવાદની અતિનિષ્ઠાને દૂર રાખવા માટેની જરૂરિયાત વિશે ટૂંકાણમાં કહ્યું.

તે પછીનું સપ્તાહ માસ્ટરે આશ્રમમાં શાંતિથી પસાર કર્યું. ૯મીએ સત્સંગ પછી તેમણે નવ લગ્નો કરાવ્યાં. ૧૪મીએ તમિલ અને મલયાલમ નૂતન વર્ષના અવસર પર તેમણે સત્સંગનુ સંચાલન કર્યું, જેમાં લગભગ ૪૫૦૦ સ્થાનિક અભ્યાસીઓએ હાજરી આપી હતી.

૧૬મીની સવારે પૂ.માસ્ટર કોઈમ્બતુર થઈને તિરુપુર જવા રવાના થયા. તેઓ બાબુજી મહારાજ જન્મોત્સવની ઉજવણી દરમિયાન ૨૯, ૩૦ એપ્રિલ અને ૧લી મે સુધી તિરુપુર ખાતે રોકાવાના છે.


# New Publications


## હાર્ટસ્પીક ૨૦૦૯





હાર્ટસ્પીક ૨૦૦૯, માસ્ટર દ્વારા ઉપરોક્ત વર્ષમાં ભારતના પ્રવાસ દરમ્યાન અપાયેલાં પ્રેરણા સભર વ્યાખ્યાનો તથા અનૌપચારિક વાતોને અનોખી રીતે દર્શાવતી એ 'હાર્ટસ્પીક' શ્રેણીમાં નવો ઉમેરો છે


| રિયાલીટી એટ ડોન (કન્નડ પુનઃમુદ્રણ) | ડેઈલી રિફ્લેક્ષન્સ (ચાઈનીઝ) |
|---|---|








| પ્રિન્સીપલ્સ ઓફ સહજમાર્ગ – વો.૧ | રોલ ઓફ માસ્ટર ઈન હ્યુમન ઈવોલ્યુશન (તમિલ) |
|---|---|



| કોમેન્ટરી ઓન ટેન મેક્સીમ્સ (મરાઠી) | પ્રિયતમ સે પ્રિયતમ તક કા સફર ભાગ–૨ |
|---|---|






## તામિલમાં અપાયેલા વ્યાખ્યાનોનો MP3 સંગ્રહ



પૂ.માસ્ટર દ્વારા તામિલનાડુમાં વિવિધ જગ્યાઓએ જેવીકે મદુરાઈ, ત્રિચી, તિરૂપુર, ચેન્નાઈ વગેરે આપેલા વ્યાખ્યાનોનું આ સંકલન છે. તે શ્રેણીનું દ્વિતીય પ્રકાશન છે અને તેમાં ત્રણ દાયકા જૂના સને ૧૯૭૯થી અપાયેલા વ્યાખ્યાનો સમાવિષ્ટ છે.

બધું મળીને તેમાં ૪ કલાકનું ધ્વનિ આલેખન સમાવિષ્ટ છે અને તેમાં કેટલીક અદભૂત વાતચીત, માસ્ટર સાથેના સવાલ–જવાબની બેઠક કે જેમાં ઘણી જ વ્યવહારિક સમસ્યાઓના માસ્ટર દ્વારા જવાબ અપાયા છે.

## તસવીર પ્રકાશનોનું વિમોચન




**બાબુજી – પિક્ચર આલ્બમ**
આ શ્રેણીનો પ્રથમ છબી ગ્રંથ પ્રકાશિત થવાનો છે, તે બાબુજીની તસવીરોનો સંગ્રહ છે. તેમાં શ્યામ બોર્ડ કાગળો ઉપર કલામય વીસ તસવીરોનો છબી ગ્રંથ છે.

**ફોટોગ્રાફ્સ**
જેમાં છે, આપણા માસ્ટરની તાજેતરની તસવીરો સહિત બાબુજીની લગભગ વીસ તસવીરો સંગ્રહાયેલી છબીઓ

**સંગ્રહ થયેલા ફોટાઓ** બાબુજી અને માસ્ટરની તસવીરોની નવી શ્રેણી, જેમાં તસવીરના કદ, ફ્રેમ અને લગાવવાની રીતના વિકલ્પો છે.

## વીબીએસઈ પ્રવૃત્તિઓ, ધારવાડ

૨૭મી માર્ચના રોજ, એસ.ડી એમ કેંન્દ્રીય શાળા, ધારવાડમાં વીબીએસઈ કાર્યક્રમનું સંચાલન થયું. બહેન આશા અને બેંગ્લોરના બહેન માધુરીએ કાર્યક્રમનું સંચાલન કર્યુ. આ આવો અહીંયાં સંચાલિત થયેલો આ આવો બીજો કાર્યક્રમ હતો.

હુબલી ખાતે ઑગસ્ટ ૦૯માં એસઆરસીએમ દ્વારા સંચાલિત વીબીએસઈ કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ એસ.ડી એમ કેંન્દ્રીય શાળાના આચાર્યા શ્રીમતિ સાધનાએ આવા કાર્યક્રમના સંચાલન માટે વિનંતી કરી હતી.

મૂલ્યો, મૂલ્ય પ્રાપ્તિના ત્રણ માર્ગો અને મનનું નિયંત્રણ જેવાં વિષયો કાર્યક્રમમાં આવરી લેવાયા. સહભાગીઓ દ્વારા કાર્યક્રમને સારો આવકાર મળ્યો કારણકે તેમના રસનો માપ તેઓએ પૂછેલા સવાલોથી અંકાતો હતો. તેઓનો એવો મત હતો કે તેમની શાળામાં આવા કાર્યક્રમ વારંવાર થવા જોઈએ.

## સ્વયંસેવક તાલિમ, કાકીનાડા, આંધ્ર પ્રદેશ

૧૩મી અને ૧૪મી ફેબ્રુઆરીના રોજ આંધ્ર પ્રદેશના કાકીનાડા કેંન્દ્રમાં બે દિવસનો ક્ષેત્રીય સ્તરનો કાર્યક્રમ સંચાલિત થયો. કાર્યક્રમનું આયોજન ક્ષેત્રીય મુખ્ય અધિકારી ભાઈ શ્રી કે. મધુ દ્વારા થયું હતું અને અમલીકરણ કાકીનાડા કેંન્દ્રના કેંદ્ર મુખ્ય અધિકારી ભાઈ શ્રી કસૌરી ચદુસૂર્યા દ્વારા થયું હતું. કાર્યક્રમનું હાર્દ, ક્ષેત્રના ઉત્સાહી સ્વયંસેવકોને કેંન્દ્રમાં અનેક પ્રવૃતીઓ કરી શકાય તે વિષે માહિતગાર કરવાનું હતું. આ મીશનના ઉદ્દેશોને એક અને બધા સુધી લઈ જવામાં મદદરૂપ થશે. સાર્વજનિક સભાઓની ગોઠવણ તથા સંચાલન કરીને, ગૃહ સંમેલનો વગેરે કરીને વીબીએસઈ શિક્ષક તાલિમ કાર્યક્રમ માટે બે દિવસીય કાર્યક્રમનું નિર્માણ કર્યું.







## આકાશવાણી દ્વારા પ્રસારણ

સિધ્ધાર્થ આકાશવાણી, તુમ્કુર, કર્ણાટક દ્વારા ૧૭મી આપ્રિલના રોજ સહજ માર્ગ ધ્યાન પધ્ધતિ વિશે વધારે જાણકારી માટે એક ચર્ચા મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો. બેંગલોર કેન્દ્રના બહેન વસન્તીકુમારીએ ૪૦ મિનિટ દરમ્યાન પૂછવામાં આવેલ પ્રશ્નોના જવાબ કન્નડ ભાષામાં આપ્યા હતા. આ ચર્ચા દરમિયાન સહજ માર્ગથી વ્યક્તિગત ફાયદા, આંતરિક બદલાવ માટે ધ્યાનની જરૂરિયાત, સમતોલ અસ્તિત્વ, સહજ માર્ગનો મુખ્ય ઉદ્દેશ અને ગુરુની ભૂમિકા જેવા મુદ્દાઓ ઉપર છણાવટ કરવામા આવેલી. સિધ્ધાર્થ આકાશવાણી, એ એસ.એસ.આઈ.ટી મહાશાળા આશ્રિત જાહેરહિતને સમર્પિત એક એફ.એમ ચેનલ છે, જે સ્થાનિક લોકોના લાભાર્થે દરરોજ સાંજના ૬.૦૦ થી ૮.૦૦ ના સમય દરમિયાન કાર્યક્રમનું પ્રસારણ કરે છે.

## નવા પ્રક્ષિક્ષક માટે તાલિમ શિબિર

માર્ચ માસની ૧૨ થી ૧૪ તારીખ દરમ્યાન ક્રેસ્ટ, ખડગપુર દ્વારા નવા પ્રક્ષિક્ષકોના બીજા જૂથ માટે એક તાલિમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારના ૬ વાગે દરરોજની પ્રવૃત્તિની શરૂઆત સમૂહ ચર્ચાથી થતી અને ત્યારબાદ સત્સંગ અને સવારનો નાસ્તો રાખાતો હતો. સવારના ૯.૦૦ વાગ્યાના સત્ર દરમિયાન, 'વ્હિસ્પર્સ'માંથી અંશ વાંચવામા આવતા અને તેના ઉપર ચિંતન કરવામાં આવતું અને ત્યારબાદ વ્યાખ્યાન રાખવામાં આવતા. સવારના ભોજન અને આરામ પછી બધા સહભાગીઓ વિવિધ વિષયો, જેવા કે સકારાત્મક વિચારસરણી, આંતરિક માર્ગદર્શનનું અનુસરણ અને પરામર્શ અને સલાહથી દૂર રહેવાની જરૂરિયાત ઉપર સમૂહ ચર્ચા માટે ફરી ભેગા થતા.

આ બીજી તાલિમ શિબિરનું આગવું પાસું એ હતું કે તેમાં ૬ વ્યાખ્યાતાઓમાંથી ૪ વ્યાખ્યાતાઓ પશ્ચિમના દેશોમાંથી હતા કે જેઓ ૧૯૭૦ના દાયકામાં બાબુજી મહારાજના સમયમાં સહજ માર્ગમાં જોડાયા હતા. જર્મનીના શ્રી દોરીયેત વારનીંગે "સહજ માર્ગ – એક જીવનમાર્ગ" અને ત્યારબાદ અલમોડાના શ્રી ચુપલ ભૂપેન્દ્રએ "પ્રશિક્ષકનુ કાર્ય" ઉપર વ્યાખ્યાન આપેલું. બીજા દિવસે ભાઈ શ્રી અજય ભટ્ટરે "પ્રશિક્ષકની ભૂમિકા અને જવાબદારી" અને ત્યારબાદ ઈટાલીના શ્રી ફાઉસ્તો રુસ્સોએ "પૂજ્યભાવની મનોવૃતિ" ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. ત્રીજા દિવસે, મ્યુનીકના ઓત્તો રીસેન્દેરે "પ્રેમ અને સમર્પણનો દ્રષ્ટિકોણ" અને ત્યારબાદ કેનેડાની ક્રિસ્ટ્ટી પ્રિલેન્દે તેણીના બાબુજી મહારાજ અને પૂજ્ય માસ્ટર સાથેના વાર્તાલાપના અંશો એક વાર્તા સ્વરૂપે "એક પ્રશિક્ષક તરીકે હું શુ શીખી" વ્યાખ્યાનરૂપે રજૂ કરેલાં. અંતમાં, આ તાલિમ શિબિરના સંકલનકાર, તિરુપુરના શ્રી એન.પ્રકાશે, આખરી વ્યાખ્યાન આપ્યું, જેનું શિર્ષક હતું, "'તેની' બરાબરી કે સરસાઈ કરવા મથો" – જેમાં તેમણે છેલ્લા ૩ દિવસમાં થયેલી પ્રવૃત્તિ અને ચર્ચાનો મુખ્ય સાર સાંકળી લીધેલો અને ગુરુજીના ભવિષ્યના કાર્યોને અનુસરવાની મનોવૃત્તિ ઉપર આગવો પ્રકાશ પાડેલો. તેમણે કહ્યું, ભવિષ્યમાં આ પ્રકારની તાલિમ શિબિરો ભારતના વિવિધ સ્થળોએ થશે.

## આતંકવાદની સમજ અને પ્રતિક્રિયા

પૂજ્ય માસ્ટરે ભાઈ શ્રી એ.પી.દોરાઈ, જોઈન્ટ સેક્રેટરી અને ભાઈ શ્રી શરત હેગડે, ઝોન–ઈન–ચાર્જ, કર્ણાટક, (દક્ષિણ ઝોન)ને "આતંકવાદની સમજ અને પ્રતિક્રિયા" ઉપર યોજાયેલા પરિસંવાદમાં એસ.આર.સી.એમ વતી પ્રતિનિધિત્વ કરવા માટે પ્રતિનિયુક્ત કર્યા હતા. આ પરિસંવાદ એક્યુમેનિકલ ક્રિસ્ચિયન કેન્દ્ર (ઈસિસિ) દ્વારા બેંગલોર ખાતે ફેબ્રુઆરી ૨૨ થી ૨૪ તારીખ દરમિયાન યોજાયેલો હતો. દેશના વિવિધ ભાગોમાંથી અને જુદા જુદા ધર્મોની પૂર્વભૂમિકાવાળા પ્રતિનિધિઓ આ વિષય ઉપર પોતાના વિચારોનું આદાન પ્રદાન કરવા ભેગા થયા હતા. જુદા જુદા વિષયના નિષ્ણાતોને તેમના વિચારો રજૂ કરવા આમંત્રિત કરવામાં આવ્યા હતા અને જૂથ ચર્ચા પણ યોજાઈ હતી.

ઈસિસિના ડિરેક્ટર ડો.મણિ ચાકોએ તેમના ઉદઘાટન પ્રવચનમાં વિશ્વવ્યાપી નૈતિકતા અને ધર્મની મર્યાદાથી આગળની ખોજ પર ઉપર મથામણ કરવાની જરૂરિયાત વિશે કહ્યું હતું. આઈ.સિ.એસ,એ ના નિર્દેશક ડો.મોઝીસ મનોહરે તેમના પ્રારંભિક મુખ્ય વિચાર સાથે પ્રવચન કર્યું અને પ્રવચનમાં તેમણે આ સમસ્યાને નવેસરથી જોવાની જરૂરિયાત, સરકારના ભાગે તેમાં ભાવાત્મકતાની જરૂરિયાત અને ધાર્મિક સંસ્થાઓએ લોકોને તેમના અંતરાઆત્માના અવાજને અનુસરવાની વિનંતીની જરૂરિયાત જેવાં વિષયોને સ્પર્શ્યા.

ભાઈ શ્રી દોરાઈએ જૂથ ચર્ચા દરમિયાન જે વિષય ઉપર બોલ્યા હતા, તે હતો, ધર્મની મર્યાદા ઓળંગીને આધ્યાત્મિકતામાં જવાની જરૂરિયાતથી વ્યક્તિગત આંતરિક પરિવર્તન કેવી રીતે આવી શકે, કે જેનાથી ઉત્તરોત્તર સમગ્ર સમાજમાં પણ પરિવર્તન લાવી શકાય. આ પરિસંવાદ, તેમાં ભાગ લેનાર મોટા ભાગના દ્વારા ખૂબ જ વખાણાયો હતો અને રૂઢિચુસ્ત ધાર્મિક પૂર્વભૂમિકામાંથી આવેલા લોકો ઉપર પરિણામકારક અસર કરી ગયો હોય, તેમ જણાતું હતું.



શ્રી રામચંદ્ર મિશન
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## બહેનો માટે કાર્ય શિબિર (વર્કશોપ)



૨૧મી માર્ચના રોજ ઈન્દોર કેન્દ્રે સંસ્થાની બહેનો માટે અર્ધ દૈનિક કાર્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્ય શિબિરનો મુખ્ય વિષય હતો, "અભ્યાસી બહેનોની વૈવિધ્યપૂર્ણ ભૂમિકાઓ વચ્ચે સમતોલ સાધના". ઈન્દોર અને તેની આજુબાજુ ના કેન્દ્રની લગભગ ૧૦૦ બહેનોએ આ શિબિરમાં ભાગ લીધો હતો. શ્રીમતિ વિજયા દેશપાન્ડેએ સમજાવેલું કે સ્ત્રી અને પુરુષો માટે આપણી સાધના પધ્ધતિ એકસરખી છે અને આ એ જ આત્મા છે, જે સર્વોચ્ચમાં ભળી જવાનો છે. તેમ હોવા છતાં પણ પૃથ્વી ઉપર જે બે જુદી જુદી જાતિની રચના છે, તેમણે જુદી જુદી ભૂમિકા ભજવવાની હોય છે. તેથી આપણા પ્રિય માસ્ટર આપણે આ દરેક ભૂમિકાને જુદી જુદી રીતે કેવી રીતે ભજવીએ, તે માટે કહેતાં જ હોય છે અને એ વિશે સમજવું ખૂબ જ જરૂરી બને છે. અભ્યાસી બહેનોએ તેમની સાધના સાથે તેમના ઘરકામ કરવા વિશેના, તેમજ અન્ય અભ્યાસી બહેનો જેઓ શિક્ષક, ડોકટર અથવા તો મેજિસ્ટ્રેટ હતા, તેમના પોતાના કામ અને સાધના વિશેના અનુભવોનું આદાન પ્રદાન કર્યું હતું.

કાર્ય શિબિરના બીજા ભાગમાં, બહેનો માટે સાધના કરતા કરતા કોઈ વિશિષ્ટ તકલીફનો સામનો કરવો પડતો હોય, તો તે અંગે બોલવા માટે એક સામૂહિક ચર્ચાનું પણ સંચાલન કરવામાં આવ્યું હતું. અભ્યાસી ભાઈઓએ આ કાર્યશિબિર દરમ્યાન રસોડામાં તેમજ બીજા ક્ષેત્રોમાં સેવા યોગદાન આપેલું હતું.

---


## પ્રકાશન વિભાગ તરફથી અગત્યની સૂચના

એવું જાણવામાં આવેલું છે કે પૂજ્ય ગુરુજીની ઔપચારિક કે અનઔપચારિક વાતોની નકલોનો, અભ્યાસીઓ દ્વારા ઈમૈલ મારફતે સંદેશા વ્યવહાર કરવામાં આવે છે અને તે સંદેશાની સાંકળને આગળ ધપાવાય છે. આવા લખાણો ત્રુટીજનક હોવાની સંભાવના છે અને તે માહિતી માસ્ટરે જે કહ્યું હોય, તે મૂળભૂત સંદેશા પ્રમાણે જ નથી હોતાં પણ તે તેનું અર્થઘટન કે ભાવાનુવાદ હોય છે, જે આપણી સંસ્થાને માટે જોખમ ઊભું કરે છે.

કૃપયા ધ્યાન રાખો કે આ પ્રકારનો બિનઅધિકૃત લખાણોનો પ્રકાશન ફેલાવો કોઈ પણ જાતની પરાવાનગી રહિત છે. તેથી આ પ્રકારના બિનઅધિકૃત લખાણોના ખાનગી પ્રકાશનને ફેલાવવાની પ્રવૃત્તિથી દૂર રહેવા, બિનપ્રોત્સાહીત કરવા અને બંધ કરવાની બધાજ અભ્યાસીઓને વિનંતિ કરવામાં આવે છે. આ પ્રકારના ફેલાવો જો તમારી જાણમાં હોય, તો તેને publications.print@srcm.org ઈમેલ પર તાત્કાલિક જણાવવાની વિનંતી.

પૂજ્ય ગુરુજીના દરેક સંદેશાનું અધિકૃત લખાણ આપણા મિશનની વેબસાઈટ(www.sahajmarg.org) ઉપર પ્રસંગના થોડા દિવસોમાં પ્રકાશિત કરવામાં આવે છે, જે દરેકને માટે કોઈ પણ સંદર્ભ અર્થે ઉપલબ્ધ છે.

## ભૂતકાળમાં ડોકિયું




પૂજ્ય બાબુજી મહારાજે ૧૯૬૦ થી ૧૬૯૫ના સમયગાળા દરમ્યાન સમગ્ર ભારતમાં યાત્રા કરી હતી. તેમનો ૧૯૬૪–૬૫નો પ્રવાસ કાર્યક્રમ “સહજ માર્ગ પત્રિકા”માં પ્રકાશિત થયો હતો, જેમાં તેઓ જે સ્થળોની મુલાકાત લેવાના હતા, તેની યાદીમાં દિલ્હી, વિજયવાડા, હૈદ્રાબાદ, બિડર, સેદામ, ગુલબર્ગા, બિજપુર, હાસ્સન, મૈસુર, બેંગલોર, થિરુવનમલાઈ, ત્રિચિ, તિરુપતિ, કુડ્ડ્પાહ, ચેનેઈ, ભોપાલ, ઓરાઈ અને લખનો હતાં.

પૂજ્ય બાબુજી મહારાજે આ યાત્રા દરમ્યાન વિવિધ સંદેશાઓ આપ્યા હતા, જેમાંથી કેટલાંક સંદેશાનો નિષ્કર્ષ નીચે જણાવેલ છે.

સપ્ટેમ્બર ૧૯૬૦

"આધ્યાત્મિકતા માટે સૌથી આવશ્યક તત્ત્વ છે, સમધોરણતા. આ શબ્દ જ બહોળો અર્થ ધરાવે છે. તે બીજાને અનુકુળ હોય તેવી આપણી બાહ્ય જીવનસરણીને સુધારવા માટે જ માત્ર સંબંધિત નથી, પણ તે એવું કંઈક છે, કે જેમાં આપણી માનસિક તેમજ શારીરિક પ્રવૃત્તિના સમગ્ર ક્ષેત્રને આવરી લે."

*’મેસેજીસ યુનિવર્સલ, મેસેજ ઓફ઼ માય માસ્ટર’માંથી

**માર્ચ ૧૯૬૪, હોળી પર બાબુજીનો સંદેશો**

"નિર્ધારીત સ્થાન ઉપર તે જ પહોંચી શકે છે કે જે ત્યાં પહોચવા માટે દીવાનો હોય. આ એકમાત્ર રસ્તો છે અને જે કોઈ તે અપનાવશે, તેને સફ઼ળતા નિશ્ચિત મળશે. પણ તેના માટે તમારે તમારા હૃદયમાં ’દર્દ’ પેદા કરવું પડશે. ઉપચાર ત્યાં થાય છે જ્યાં દર્દ હોય છે. બધાં જ પ્રકારના ઉપાયો અને સાધનાનો ઉદ્દેશ તે જ છે."

"જે કાંઈ અમલમાં આવે છે, તે હંમેશાં ઈશ્વરની ઈચ્છા મુજબ હોય છે. પણ મુશ્કેલી ત્યારે પેદા થાય છે કે જ્યારે આપણે તેને આપણી ઈચ્છા કે કાર્ય સાથે જોડીએ છીએ, અને એવું વિચારીએ છીએ કે તે આપણા પ્રયત્નનું જ પરિણામ છે. તેથી આ જ કારણે આપણે સફળતા માટે ખુશી ઉજવીએ છીએ અને નિષ્ફ઼?ળતા માટે દુ:ખી પણ થઈએ છીએ. આ જ એકમાત્ર વસ્તુ આપણને બંધનમાં રાખે છે. જો અહંકારની આ લાગણી ગેરહાજર હોય, તો જ ખરેખરા બળવાન જોમમાં વધારો થાય. આ કેવી રીતે મેળવી શકાય? માત્ર આપણા ‘સ્વ’ને મહાન દિવ્ય શક્તિ સાથે જોડીને. આ રીત અપનાવીને, આપણે વિકાસના એક પછી એક તબક્કાને પાર કરીએ છીએ કે જ્યાં સુધી આપણે ‘તેની’ નજીક પહોંચી ન જઈએ."

"તેમ છતાં પણ કેટલાંક લોકો મારી પાસે માત્ર તેમના મનની શાંતિ માટે આવીને બેસે છે. કદાચ તે મારા માટે પણ એવું હોઈ શકે કે હું તેમને ભલે ક્ષણભર માટે સુખાકારી આપતો હોઉં. પણ તે એકલું પૂરતું નથી. કેટલાંક એવાં પણ હશે કે જેમનામાં મારી બિરાદરીમાં સમોવડીયા હોવાની અને દોસ્ત બનવાની ભાવના હોય, પણ પરમસત્યનો અનુભવ કરવાની ભાવના ન હોય. આ પણ મારે માટે બહુ નાનું નથી કારણકે જ્યારે મને કોઈ એક પણ હૃદય મારે માટે પ્રેમથી સભર હોય તેવું મળે છે, ત્યારે હું ઘણો જ પ્રફુલ્લિત થઈ જઉં છું અને ઉત્સાહની લાગણી અનુભવું છું. પણ મારા માટે કોઈ શા માટે એવું વિચારવાની તસ્દી લે કે ચિંતા કરે કારણ કે તેની પાસે પ્રેમ અને અભિરુચિ કેળવવા માટે ઘણું બધું ઉપલબ્ધ હોય જ છે. માત્ર તે જ વ્યક્તિ કે જેણે પોતાની જાતને ગુમાવી દીધી હોય અથવા તો તે બધુંજ ગુમાવવા તૈયાર હોય, કદાચ તે જ મારી તરફ મન વાળી શકે. મારા મનની માનસિક વૃતિ કંઈક વિશિષ્ઠ હોય છે. મારામાં સંપૂર્ણપણે લુપ્ત થયા પછી જ કોઈ મને શોધી કાઢે, તે મને ગમે છે." ”

*‘સહજ માર્ગ પત્રિકા, જુલાઈ ૧૯૬૪’માંથી

# નિબંધ લેખન સ્પર્ધા ૨૦૦૯

## પ્રમાણપત્ર વિતરણ

સંયુક્ત રાષ્ટ્ર (યુનાઈટેડ નેશન્સ) માહિતી કેંન્દ્ર, ભારત અને ભૂતાનના સહયોગથી, શ્રી રામચંદ્ર મિશન દ્વારા, ૧૨મી ઓગસ્ટ ૨૦૦૯ના આંતરરાષ્ટ્રિય યુવા દિવસના રોજ નિબંધ લેખન સ્પર્ધા ૨૦૦૯નું સંચાલન કરવામાં આવ્યું. પૂ.માસ્ટરના સંદેશને બાળકો સુધી અને તેમના દ્વારા તેમના કુટુંબમાં પહોંચાડવાનો તે એક ઉમદા પ્રયત્ન હતો.

નિબંધોના ઢગલામાંથી વાંચી અને ઉત્કૃષ્ટ નિબંધોને અલગ તારવવા, તે એક જ ખૂબ જ કઠિન કાર્ય હતું. ભારતના બધાં જ કેન્દ્રોના સ્વયંસેવકોએ આ કાર્યની જવાબદારી લીધી અને રાષ્ટ્રીય, પ્રાદેશિક અને શાળાના સ્તરે પ્રવેશિકાઓની પસંદગી કરી. અસાધારણ નિબંધ લખનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે મુખ્ય કેન્દ્રોમાં પ્રમાણપત્ર વિતરણનો સમારંભ યોજવામાં આવ્યો. દરેક કેન્દ્ર પાસે, વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને તેમની સાથે આવેલા શાળાના કાર્યકર્તાઓને મિશન વિષે અને નિબંધલેખન સ્પર્ધાના આયોજન પાછળની વિચારસરણી વિશે વાત કરવાની અને તેમને સમજાવવાની આ એક તક પણ હતી. આ સ્પર્ધાથી, બાળકોના મનમાં મૂળભૂત મૂલ્યોને ઉતારવા માટે મિશન દ્વારા કરવામાં આવેલા પ્રયત્નથી વાલીઓ અને શિક્ષકો ખૂબજ ખુશ હતા. તેઓમાંના ઘણાં સહજ માર્ગ પધ્ધતિથી પ્રભાવિત થયા હતા અને વધારે જાણકારી માટે અથવા તો પધ્ધતિમાં જોડાવા માટે તેઓ આતુર હતા. આ સ્પર્ધાએ ઘણાંને મિશન માટે વિવિધ ક્ષમતથી કાર્ય કરવાની તક આપી હતી.

ભારતભરના બધા જ કેન્દ્રોમાં પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ કેવી રીતે સંચાલિત કરવામાં આવ્યો તેની માહિતી નીચે પ્રમાણે છે.

### પત્તાંબી, કેરાલા

૨૧મી ફેબ્રુઆરીના રોજ, ૩૨ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યાં. ભાઈ શ્રી ક્રિષ્ના વી.એ., ભાઈ શ્રી શશિકુમાર કે.પી. અને ભાઈ શ્રી નારાયણે શ્રોતાઓને સંબોધ્યા.

વિદ્યાર્થીઓએ તેમની લાગણીઓનું આદાન પ્રદાન કર્યુ અને કહ્યું કે આ વિષયો નવા, આકર્ષક અને વર્તમાન સંજોગોને અનુરૂપ હતા.

### અમદાવાદ

અમદાવાદમાં લગભગ ૧૯૦ જેટલી સંસ્થાઓએ પોતાના મકાનમાં આ સ્પર્ધાનું સંચાલન કર્યું હતું અને ૮૫૦૦ કરતાં વધુ સહભાગીઓએ તેમને આપાયેલા વિવિધ વિષયો અનુસાર નિબંધો લખ્યા હતા. આ ભાગ લેનારાઓમાં ૬ પ્રાદેશિક વિજેતાઓ હતા. ૨૮મી ફેબ્રુઆરીના રોજ, અમદાવાદ કેન્દ્રના અડાલજ યોગાશ્રમ ખાતે, કેન્દ્રના વરિષ્ઠ અભ્યાસીઓ દ્વારા, પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું. ૧૨૦૦ કરતાં વધારે આમંત્રિતો (માતાપિતા અને ભાગ લેનારાંઓ) ઉપસ્થિત હતાં.

### મુરાદાબાદ

આ સ્પર્ધામાં જિલ્લાની લગભગ ૮૪ શાળાઓ અને મહાશાળાઓમાંથી ૬૭૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ૨૪મી ફેબ્રુઆરીના રોજ, યોગાશ્રમના આ કાર્યક્રમમાં ભાઈ શ્રી શ્રવણકુમાર(સેન્ટર ઈન્ચાર્જ) અને બહેન ચાવ્વીએ સંમેલનને સંબોધ્યું. ભાગ લેનારાઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં અને શાળાઓ અને મહાશાળાઓની કદર કરતા પ્રમાણપત્ર આપવામાં આવ્યાં હતાં. મુખ્ય મહેમાન શ્રી રામમૂર્તી (મુખ્ય વિકાસ અધિકારી, મુરાદાબાદ)એ આ મહાસ્પર્ધા દ્વારા, બાળકોમાં નૈતિક મૂલ્યોને વિકસાવવાના મિશનના આ પ્રયત્નના વખાણ કર્યા હતાં.

### અભેદોનપુરા – ઉત્તર પ્રદેશ

૨૧મી ફેબ્રુઆરીના આ કાર્યક્રમમાં લગભગ ૧૮૦ વિદ્યાર્થીઓ, ૨૨૦ વાલીઓ, વિવિધ શાળાઓના અને મહાશાળાઓના શિક્ષકો અને આચાર્યોએ હાજરી આપી હતી. વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ માટે નિબંધ સ્પર્ધાના ફાયદાઓ જણાવતા વક્તવ્યો પછી પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું.




### કોલ્હાપુર, મહારાષ્ટ્ર

૧૮મી ફેબ્રુઆરીના રોજ કાર્યક્રમ યોજવામાં આવ્યો. એકંદરે, ૭૫ શાળાઓએ અને ૬ મહાશાળાઓએ ભાગ લીધો અને લગભગ ૩૫૦૦ નિબંધો એકત્રિત કરવામાં આવ્યા.

મહારાષ્ટ્રના ઝોન–ઈન–ચાર્જ ભાઈ શ્રી સુભાષ વૈદ્યે સંમેલનને સંબોધ્યું હતું.

### ઔરંગાબાદ, મહારાષ્ટ્ર

૨૭મી ફેબ્રુઆરીના રોજ બધાજ પુરસ્કાર વિજેતા વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને શાળાના આચાર્યોની હાજરીમાં સમરોહનું સંચાલન કરવામાં આવ્યું.

### નાગપુર, મહારાષ્ટ્ર

૨૪ શાળાઓમાંથી ૧૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓએ નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૭મી માર્ચના રોજ, ગાંધીનગર આશ્રમ ખાતે, સમરોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ઈન્દોર

૨૧ ફેબ્રુઆરીના રોજ ૨૪ કેન્દ્રોએ ઓપન હાઉસનું આયોજન કર્યું. સ્વયંસેવકોના જૂથે દરેક શાળાઓની અને વિદ્યાર્થીઓના વાલીઓને આમંત્રિત કરવા માટે તેમના ઘરોની પણ મુલાકાત લીધી. તેનો પ્રતિભાવ ખૂબ જ ઉત્સાહપ્રેરક હતો અને નાના અને દૂરના કેન્દ્રોમાંથી પણ અભ્યાસીઓ મોટી સંખ્યામાં આવ્યા હતા. આ ઓપન હાઉસ દ્વારા ૩૦૦૦થી ૩૫૦૦ મહેમાનોને સહજ માર્ગ વિશે સામાન્ય, ઉપરછલ્લી જાણકારી આપવામાં આવી હતી.

### પૂના

નાંદેડ આશ્રમના આ કાર્યક્રમમાં બહેન રુપાલીએ કહ્યું કે સામાન્ય રીતે આપણે નકારાત્મક વિચાર કરતા હોઈએ છીએ અને આમાં જ પરિવર્તનની જરૂર છે. આપણે એવા યુવાનો જોઈએ છે કે જેઓ પોતાની અંદર ઝાંખીને અને તેમના સાચા સ્વને શોધીને દુન્યવી વહેવાર કરે, કારણ કે આંતરિક દુનિયા જ બહારની દુનિયાનું સર્જન કરે છે. ભાઈ શ્રી કૌસ્તુભે સ્પર્ધા અંગેની આંકડાકીય માહિતી આપી અને ભાઈ શ્રી શુક્લા (મુખ્ય મહેમાન) સહજ માર્ગ – મનના નિયમન ની પધ્ધતિ વિષે બોલ્યા. કદરના પ્રતિક તરીકે પ્રમાણપત્રોને પુરસ્કારિત કરવામાં આવ્યા. અંધ શાળાના બાળકો માટે તાળીઓનો ગડગડાટ ઘણા વખત સુધી સંભળાયો.

### બેંગલોર

૨૧ ફેબ્રુઆરીના રોજ બનાશંકરી આશ્રમ ખાતે પ્રાદેશિક પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું. દરેક વિભાગ ના પ્રથમ વિજેતાને પોતાના નિબંધ વાંચવા માટે આમંત્રિત કરવામાં આવ્યા. આ વિદ્યાર્થીઓમાંના દરેકે નોંધપાત્ર આત્મ–વિશ્વાસ અને તેમને આપવામાં આવેલ વિષય ઉપર ઊંડાણપૂર્વક વિચારવાની તેમની ક્ષમતા દર્શાવી. મૂલ્યોને કેવી રીતે વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા શીખી શકાય તે દર્શાવતું વીબીએસઈના પ્રયોગોનું પ્રદર્શન, અભ્યાસીઓના નાના આત્મવિશ્વાસુ બાળકો દ્વારા કરવામાં આવ્યું, જે મુલાકાતીઓના હૃદયને સ્પર્શી ગયું. પૂ.માસ્ટરની નાની વિડિયો બતાવવામાં આવી અને ત્યારપછી બહેન માધુરીએ સહજ માર્ગના લક્ષ્યનો વિસ્તૃત પરિચય આપ્યો.

## ભાવનગર, ગુજરાત

૨૧ ફેબ્રુઆરીના રોજ સીલ્વર બેલના મેડિટેશન હોલ ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નિબંધ સંકલનકાર બહેન વૃસિકાએ ભાવનગર કેન્દ્રની આંકડાકીય માહિતી આપી. નિબંધ સંકલનકાર ભાઈ વિનયે(નવસારી) અને ભાવનગર કેન્દ્રના સેન્ટર–ઈન–ચાર્જ ધર્મેશભાઈએ સંમેલનનેને સંબોધ્યું.

## ભૂજ, ગુજરાત

૨૭ ફેબ્રુઆરીના રોજ, ભૂજ ખાતે, સહયોગ હોલમાં લગભગ ૨૫૦ મહેમાનો સાથે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ૩૨ શાળાઓ, જેમણે સ્પર્ધામાં ભાગ લીધો હતો અને બધા જ આચાર્યો, વાલીઓ અને સાથે વિદ્યાર્થીઓ કે જેમને પ્રમાણપત્ર આપવાના હતાં, તે સૌને આમંત્રિત કરવામાં આવ્યા હતાં. શ્રી. મહેન્દ્ર સીંઘ મુખ્ય મહેમાન હતા.

સેન્ટર–ઈન–ચાર્જ બહેન હર્ષા ચૌહાણ અને નિબંધ સંકલનકાર ભાઈ ગોપી ત્રિવેદીએ સંમેલનને સંબોધ્યું.

તે જ રીતે ગાંધીધામ કેન્દ્રમાં, અંજારના ધારાસભ્ય મુખ્ય મહેમાન હતા અને ગાંધીધામ નગરપાલિકાના પ્રમુખ અતિથિવિશેષ હતા. ૧૮૦ કરતાં વધારે મહેમાનો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

## ચંદીગઢ

આ વર્ષે, ૧૬ શાળાઓ, ૪ મહાશાળા અને પંજાબ વિશ્વ વિદ્યાલય, ચંદીગઢ, પાન્ચકુલા અને મોહાલીના વિવિધ શિક્ષણ ખાતાઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ૨૮મી ફેબ્રુઆરીના રોજ, જેઓ પ્રાદેશિક ધોરણે જીત્યા હતા, તેઓને સન્માનિત કરવા રાખવામાં આવેલ કાર્યક્રમમાં ઝોનલ સંકલનકાર બહેન કાનન સચદેવ, બહેન ગુરુદેવ કૌર અને બહેન સુદર્શને સંમેલનને સંબોધ્યું. ૨૭ પ્રાદેશિક વિજેતાઓને ઝોન–ઈન–ચાર્જ ભાઈ મેજર જનરલ હરભજન સિંઘ દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા.

## લુધિયાના

૧૧ એપ્રિલના રોજ, પંજાબ કૃષિ વિશ્વ વિદ્યાલયના જેકોબ હોલ ખાતે, પ્રાદેશિક વિસ્તારના ૮ વિદ્યાર્થીઓ અને જીલ્લા વિસ્તારના ૪૦ વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા.

પ્રાદેશિક વિસ્તારના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ રૂપ પુસ્તક અને બીજાઓને મારા ગુરુદેવ પુસ્તક અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. સંત થોમસ શાળાને શ્રેષ્ઠ સહભાગિતા માટેની વિજય બક્ષિસ એનાયત કરવામાં આવી. ખ્યાતનામ શિક્ષણશાસ્ત્રી ડો. એમ.એ.ઝહીર, ડો.પ્રેમકુમાર અને ઝોન–ઈન–ચાર્જ મેજર જનરલ હરભજન સિંઘ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે હાજર હતા.

પાણીપત કેન્દ્રએ ૪ એપ્રિલના રોજ, પાણીપત રીફાઈનરી અધિકારી કલબ ખાતે ૩૫ વિદ્યાર્થીઓને સન્માનિત કરવા માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો. મુખ્ય મહેમાનો, શ્રી. રાજકુમાર ઘોષ અને અશ્વિનિ શર્માએ વિજેતાઓને ઈનામ આપ્યાં. બધા જ સ્થાનિક અભ્યાસીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો.

## કોઈમ્બતૂર

૨૨ ફેબ્રુઆરીના રોજ ૬૦થી વધારે શાળાઓના ૧૨૦ વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ સાથે નાચીપાલાયમ આશ્રમ ખાતે આવ્યા. સેનટર–ઈન–ચાર્જ ભાઈ શ્રી કે.આર.વૈદ્યનાથને ભાગ લેનારાઓનું સ્વાગત કર્યું, ત્યારપછી ભાઈ ટી.એસ.માનીચમ અને બહેન કે.એસ્વારીએ વ્યાખ્યાનો આપ્યાં. ભાઈ શ્રી વેંકટરામને વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર સાથે પુસ્તકો આપ્યા. ત્યાં કેન્દ્રના ચાર પ્રાદેશિક વિજેતાઓ હતા જેમને પ્રમાણપત્ર સાથે ''મારા ગુરુદેવ'' પુસ્તક આપવામાં આવ્યુ. ચાર સંસ્થાઓને કદર પ્રમાણપત્રો આપવામાં આવ્યાં.


લખનૌ

## ગૌહત્તી

૪ એપ્રિલના રોજ, ભાઈ સિધ્ધેશ્વર પાંડે દ્વારા, ગૌહત્તી શહેરની આજુબાજુના વિસ્તારની પસંદગી પામેલ શાળાઓના, શ્રેષ્ઠ બે નિબંધો માટે, અને ૯૦ વિજેતાઓને પ્રમાણપત્ર આપવા માટેના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું. ભાઈ શ્રી અસોકે સેનગુપ્તાએ શ્રોતાઓ આગળ રજૂઆત કરી. ત્યાં એક નાનો પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ હતો.

## હુબલી, કર્ણાટક

નિબંધ સ્પર્ધાએ, હુબલી અને ધારવાડના સ્વયંસેવકોમાં ખૂબજ ઉત્સાહ અને ભાઈચારો જગાવ્યો. મુખ્ય મહેમાન, ભાઈ વિષ્ણુ ભાસ્કર ભાટ, અત્યારના સમાજમાં આ પ્રકારના કાર્યક્રમના મહત્વ વિષે બોલ્યા. તેઓ આવા મિશન ના અસ્તિત્વ વિષે, કે જે કોઈપણ પ્રકારની જાહેરાત વિના કામ કરે છે, તેનાથી અજાણ હતા.

સરકારી શાળાના આચાર્ય મિ. સારંગમથે કહ્યું કે ખૂબ જ થોડી વ્યક્તિઓ અથવા સંસ્થાઓ છે કે તેઓ જે ઉપદેશ આપે છે તે પ્રમાણે કાર્ય કરે છે અને એસ.આર.સી.એમ., તેમના જાણવા પ્રમાણે, પોતાના ઉપદેશ પ્રમાણે કાર્ય કરે છે. લગભગ ૭૦ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા. યુવાનો અને બાળકો દ્વારા બે નાના પ્રહસનો ભજવવામાં આવી જેનાથી બધાંને મનોરંજન મળ્યુ અને બધાંને પસંદ આવી.

## લખનૌ

લખનૌ માં ૧૮૦ શાળાઓ અને મહાશાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો. શ્રી યુ. એસ. બાજપાઈએ વિવિધ વિભાગો ના વિજેતાઓને ઈનામો આપ્યાં. આ પ્રસંગે ઝોન–ઈન–ચાર્જ ભાઈ શ્રી શ્યામજી મેહરોત્રાએ પ્રવચન આપ્યું.

## તેજપુર

૧૧ અપ્રિલે, વિજેતાઓ અને તેમના વાલીઓ અને શિક્ષકો સાથે લગભગ ૨૦૦ મહેમાનો એકત્રિત થયા. થોડા અભિલાષી લોકોએ સાધના શરૂ કરવાની આતુરતા બતાવી. કાર્યક્રમની સમાપ્તિ મિશનની પ્રાર્થના સાથે કરવામાં આવી.

## થ્રીસ્સૂર, કેરાલા

૨૮ ફેબ્રુઆરી, રવિવારના રોજ, થ્રીસ્સૂર યોગાશ્રમ ખાતે, સેન્ટર–ઈન–ચાર્જ ભાઈ શ્રી ટી.પી. નારાયણે, વિવિધ શાળાઓના અને મહાશાળઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓના વાલીઓના સંમેલનનું સ્વાગત કર્યુ. આ સ્પર્ધામાં ૩૧ શાળાઓ અને મહાશાળાના લગભગ ૮૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કેરાલાના ચ્ક્ક્છ્ન્ન્ સંકલનકાર ભાઈ શ્રી એ. માધવને, સભાને માહિતગાર કરી ઝોન–ઈન–ચાર્જ ભાઈ કે.યુ.મોહને, વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને સંસ્થાઓની કદર કરતા પ્રમાણપત્રો વહેંચ્યા.

## વડોદરા

૨૮ ફેબ્રુઆરીના રોજ, બરોડા હાઈસ્કૂલ, અલકાપુરી ખાતે, લગભગ ૨૦૦ મહેમાનો એકત્રિત થયા. બહેન પૂનમ બબ્બર, સુરતના ડો.સુરેન્દ્ર અગ્રવાલ, બહેન પ્રભા શર્મા અને ભાઈ શ્રી હિરેન શાહે સંમેલનને સંબોધ્યું. મહેમાનોને પ્રતિભાવ જાણવા માટે પત્રકો આપવામાં આવ્યાં અને ઘણાંએ સહજ માર્ગમાં જોડાવા માટે રસ બતાવ્યો.

## અભ્યાસી તાલિમ કાર્યક્રમો –એટીપી

### મુરાદાબાદ

૭ માર્ચ ના રોજ, મુરાદાબાદ કેન્દ્ર માં એ.ટી.પી લેવલ ૧ નું સંચાલન કરવામાં આવ્યું. ભાઈ શ્રી સુધાંશુએ રજૂ કરેલા આ કાર્યક્રમમાં, લગભગ ૩૦ અભ્યાસીઓ સમક્ષ, પૂજ્ય બાબુજી અને માસ્ટરની ભાગ્યે જ જોવા મળતી દ્રશ્ય અને શ્રાવ્ય ચિત્રપટના ટુકડા બતાવ્યા, જેનાથી અભ્યાસીઓ ખૂબજ રાજી થયા. ત્યાર પછી કેટલાકે તેમના અભિપ્રાયો વ્યક્ત કર્યા કે આ પ્રકારની તાલિમ નવા અભ્યાસીઓ માટે ખૂબ જ ઉપયોગી છે અને અહીં તેમને પધ્ધતિ વિષે વધારે સ્પષ્ટતાઓ મળી તેમજ લક્ષ્ય પ્રાપ્તિ માટેની પ્રેરણા પણ મેળવી.

### નાનૌટા

૪ એપ્રિલ, રવિવારના રોજ, ભાઈ શ્રી રાજીવકુમારે એ.ટી.પી. લેવલ ૧ નું સંચાલન કર્યુ. ૨૪ અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી.

### શ્રીવીલીપુથ્થુર

વિરુધ્નગર જિલ્લાના આ કેન્દ્રમાં, ૭ માર્ચના રોજ, બહેન બી. પોનુથ્થઈ અને ભાઈ વી. બાલાસુબ્રમન્યમ દ્વારા એટીપીનું સંચાલન કરવામાં આવ્યું. શ્રીવીલીપુથ્થુર, રાજપાલાયમ, થીરુથંગલ, અને સીવાકાસી કેન્દ્રોના લગભગ ૨૫ અભ્યાસીઓએ તેમાં ભાગ લીધો. અભ્યાસીઓને લાગ્યું કે આ કાર્યક્રમ ફક્ત નવા આવનારાઓ માટે જ નથી, પણ બીજાઓ માટે પણ તે એટલો જ ઉપયોગી છે.

### કુરનુલ

૨૮ ફેબ્રુઆરીના રોજ, ૨૩ નવા અભ્યાસીઓ માટે એટીપીનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન, અરસપરસની વાતચીતથી ખૂબ જ ઉત્સાહ સાથે ઘણાં ખુલાસા મળ્યા. તેમણે અનુભવ્યું કે શ્રાવ્ય–દ્રશ્ય દ્વારા માસ્ટરે આપેલ સ્પષ્ટતાઓથી તેમની મૂળભૂત સાધનાને લગતા મોટા ભાગના પ્રશ્નો હલ થયા.

### બેલારી

૧૪ ફેબ્રુઆરીના રોજ, બેલારીમાં ભાઈ શ્રી સોન્થા સુધાકરના નિવાસે, ધ્યાનકક્ષમાં એટીપીનું સંચાલન કરવામાં આવ્યું. કન્નડ ભાષામાં યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં ૨૫ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. ભાઈ શ્રી નિજલ્લીંગપ્પા, ભાઈ શ્રી પ્રહ્લાદ પાકનીકર અને ભાઈ શ્રી રાજુ કશમપુરકર આ પ્રસંગે બોલ્યા. અભ્યાસીઓએ ખૂબજ ફાયદો અનુભવ્યો અને આવા કાર્યક્રમ વારંવાર યોજાવા જોઈએ, તેવી ભાવના વ્યક્ત કરી.

### સિક્કા

સિક્કા એ જામનગર કેન્દ્રનું દૂરનું અને નવું જ વિકાસ પામતું, ૬૦ કરતાં વધુ ઉત્સાહિત અભ્યાસીઓ ધરાવતું અનુયાયી કેન્દ્ર છે. ૧૧ અપ્રિલે અમદાવાદના ભાઈ શ્રી અંકિત વ્યાસે તાલિમનું સંચાલન કર્યું. જ્યારે ભાઈ અંકિતે સ્લાઈડો સાથે ચર્ચા કરી ત્યારે બધા જ અભ્યાસીઓએ ખૂબ જ ઉત્સાહ અનુભવ્યો. કાર્યક્રમ દરમિયાન જ્યારે પૂ.માસ્ટરના વ્યાખ્યાનોની કલીપીંગ્સ બતાવવામાં આવી, ત્યારે બધાએ પૂ.માસ્ટરની હાજરીનો અનુભવ કર્યો.

### રાજનનગાંવ

૨૮ માર્ચના રોજ નજીકના કેન્દ્રોના ૫૪ ભાઈઓ અને બહેનો માટે હિન્દીમાં એટીપીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું સંચાલન ભાઈ શ્રી દિપક ત્યાગી અને ભાઈ શ્રી વિજય ઐયરે કર્યું હતું. અભ્યાસીઓ આ કાર્યક્રમથી ખૂબ જ ખુશ હતા. કારણ કે તેમણે અનુભવ્યું કે પહેલી જ વખતે તેમણે પોતાની જાતને આ પ્રવૃત્તિમાં સંડોવી છે. જે તેઓને વાંચવું પડતું હતું અને વસ્તુઓને આત્મસાત કરવું પડતું હતું અને તેમના પ્રશ્નોના જવાબો માસ્ટરના અવતરણોમાંથી કે તેમની દ્રશ્ય–શ્રાવ્ય કલીપીંગ્સમાંથી મેળવ્યા હતા.

### પેન્ડ્રા

પેન્ડ્રા કેન્દ્ર, કે જે છતીસગઢ રાજ્યનો દૂરદરાજ નો વિસ્તાર છે, તેમાં એટીપી નું આયોજન હિન્દીમાં કરવામાં આવ્યું હતું. ૫૮ અભ્યાસી બહેનો અને ભાઈઓમાંથી ૪૦ બહેનો ગ્રામ્ય વિસ્તારની હોવા છતાં તેમનું જોડાણ સંપૂર્ણપણે અકલ્પનીય હતું. આખું વાતાવરણ ભંડારા જેવું હતું. એટીપી નું સંચાલન ભાઈ શ્રી દિપક ત્યાગી, ભાઈ શ્રીનિવાસ અને બહેન લલિતા ત્યાગીએ કર્યુ. તેનું આયોજન ભાઈ શ્રી સ્વપ્નીલ ખત્રીએ કર્યું હતું.

### રાયપુર

૪ એપ્રિલના રોજ હિન્દીમાં રાખવામાં આવેલ એટીપીમાં ૫૨ અભ્યાસીઓએ ભાગ લીધો. અભ્યાસીઓએ ખૂબજ રસપૂર્વક ભાગ લીધો અને ભાઈ શ્રી દિપક ત્યાગીએ ખૂબજ સારી રીતે પ્રશ્નોત્તરી કાર્યક્રમનું સંચાલન કર્યું. ભાઈ શ્રી વિષ્ણુ ઉપાધ્યાય, ભાઈ શ્રી સતીષ શર્મા અને ભાઈ શ્રી દેવનારાયણે એટીપીનું સંચાલન કર્યું.

### બિલાસપુર

૭ માર્ચના રોજ હિન્દીમાં એટીપીનું આયોજન કરવામાં આવ્યું હતું. જે રીતે ચ્ક્છ્ક્ર્ દ્વારા આ કાર્યક્રમની રચના કરવામાં આવી હતી, તેની દરેક અભ્યાસીઓએ કદર કરી

### દૂર્ગ

૨૧ ફેબ્રુઆરીના રોજ હિન્દીમાં એટીપીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત સેન્ટર–ઈન–ચાર્જ ભાઈ શ્રી ડી.કે.નિગમ દ્વારા કરવામાં આવી હતી. શાંત, નિર્મળ અને ઉત્સાહપ્રેરક વાતાવરણમાં ૩૭ ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. તેનું સંચાલન ઝોન–ઈન–ચાર્જ ભાઈ શ્રી દિપક ત્યાગી અને ભાઈ શ્રી દેશમુખે કર્યું હતું. ભાઈ શ્રી દિપક ત્યાગી દ્વારા સંચાલિત, પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ અભ્યાસીઓને ઘણો રસપ્રદ લાગ્યો હતો.

### જામનગર

ભરચક ટાઉનહોલમાં 'સંતુલિત જીવન અને ધ્યાન' વિષય સાથે પરિસંવાદની શરૂઆત કરવામાં આવી હતી. અભ્યાસીઓએ તેમના મિત્રો, સંબંધીઓ અને સહકર્મચારીઓને સહજ માર્ગ વિષે જણાવવા અને તે બાબતે ચર્ચા કરવા માટે, આ પરિસંવાદમાં આમંત્રિત કરીને આ તકનો લાભ લીધો હતો. પરિસંવાદની શરૂઆત બે શાસ્ત્રીય નૃત્યો દ્વારા કરવામાં આવી હતી. જયશ્રીબેન લાલભાઈએ તેમનો સહજ માર્ગનો અનુભવ જણાવ્યો હતો અને વર્તમાન સમયમાં સંતુલિત જીવન માટે ધ્યાનની જરૂર ઉપર ભાર મૂક્યો હતો. ભાઈ શ્રી હિરેન શાહે સહજ માર્ગની ધ્યાનની પધ્ધતિ વિષે સમજાવ્યું હતું અને તેનું રોજિંદા જીવનમાં શું મહત્ત્વ છે, તે જણાવ્યું હતું. ભાઈ શ્રી સુરેશ રાજગોપાલને મનુષ્ય જીવનના, ઉચ્ચતમ આધ્યાત્મિક લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે સહજ માર્ગ પધ્ધતિની અસરકારકતા જણાવી અને જણાવ્યું કે કોઈ પણ વ્યક્તિ પોતાની આધ્યાત્મિક પ્રગતિને અસર કર્યા વિના પોતાનું ભૌતિક જીવન કેવી રીતે જીવી શકે છે. બધા જ વકતવ્યો પછી શ્રોતાઓને, વક્તા અને મિશનના સ્વયંસેવકો સાથે વાતચીત કરવાની તક આપવામાં આવી હતી. કેટલાંકે સહજ માર્ગ વિષે વધુ જાણવામાં રસ બતાવ્યો અને કેટલાંકે પધ્ધતિમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.



# પ્રકાશનું કેન્દ્ર

તો આશ્રમમાં જુદુ શું હોય છે? આશ્રમ એક સમર્થ ગુરુ દ્વારા પ્રાણાહુતિ શક્તિથી સંચયિત થાય છે. પણ જ્યારે આપણે આશ્રમમાં ધ્યાન ધરવા બેસીએ છીએ ત્યારે તે શક્તિમાં સતત વધારો થાય છે. મંદિરોમાં તે શક્તિમાં દર વખતે ઘટાડો થાય છે, જ્યારે આશ્રમમાં તેમાં દર વખતે વધારો થાય છે. તેથી આશ્રમમાં જે કરવાનું છે તે કરતા રહો, તો પચ્ચાસ વર્ષો પછી તેમાં ખૂબ વધારે શક્તિ સંચયિત થયેલી મળશે, વધારે મધુર વાતાવરણ મળશે, કંઈક એવું સૂક્ષ્મ વાતાવરણ હશે કે તમે કહેશો કે આ જ સ્વર્ગ છે, આ જ દિવ્ય જગત છે.

૭મી જાન્યુઆરી, ૨૦૦૪. ઓન્ગોલ આશ્રમના ઉદઘાટન પ્રસંગે

## ઓન્ગોલ આશ્રમ

### નાના શહેરમાં વિશાળ હૃદયોનું નિર્માણ



ઓન્ગોલ, આન્ધ્ર પ્રદેશ ના પ્રકાશમ તાલુકાનું મુખ્ય મથક છે. તે જાણવા જેવી રસપ્રદ વાત છે કે, બાબુજી મહારાજ ૧૯૬૯માં જ્યારે મદ્રાસનો પ્રવાસ કરી રહ્યા હતાં, ત્યારે તેમની ટ્રેઈન એક દુર્ગમ જગ્યાએ ભયાનક ચક્રવાત અને પૂરને કારણે ૭૨ કલાક અટવાઈ ગઈ હતી. આ સ્થળ ઓન્ગોલ અને ઊપૂગુન્દુરુ ગામની વચ્ચે હતું. બાબુજી મહારાજે તે સમયે આ પ્રદેશમાં આધ્યાત્મિકતાના બીજ રોપ્યા હશે અને આજે તેના પરિણામ સ્વરૂપે આજે આ સ્થળ એક સંપૂર્ણ સ્તરના આશ્રમ સાથેનુ કેન્દ્ર છે અને સેંકડો અભ્યાસીઓ તેને આધાર આપી રહ્યા છે.

સન ૧૯૯૦ની શરૂઆતમાં પ્રથમ પ્રશિક્ષક ભાઈ શ્રી કે. કૂપુસ્વામિ પાસે સંભાળ લેવા માટે મુઠીભર સંખ્યામાં અભ્યાસીઓ હતા. શ્રી બી. નાગેશ્વર રાવ, કે જેઓ ૧૯૯૪માં આપણી સંસ્થામાં જોડાયા, તેમણે મિશનના ફેલાવામાં એક સામાન્ય ખેડૂતની જેમ મજૂરી કરીને સેવા કરી હતી.



સને ૧૯૯૯મા ઓન્ગોલ શહેર સહિત, ચીમાકૂર્તિ, મેડરમેંતલા અને અદ્દુન્કિ ગામોના અભ્યાસીઓ મળીને સંખ્યાબળ વધીને લગભગ ૩૫૦ અભ્યાસીઓનું થઈ ગયું. ભાઈ શ્રી બી. નાગેશ્વર રાવની પ્રશિક્ષક તરીકે નિમણુંક થઈ અને તેમના ઘરે સત્સંગ શરૂ થયો. આશ્રમની જરૂરિયાત ખૂબજ તાતી જણાતી હતી અને સ્થાનિક અભ્યાસીઓના સહયોગથી ઓન્ગોલ શહેરના સિમાડે, એસ એન પાદુ મંડળના પર્નમિત્તા ગામની હદમાં ૫ એકર જમીન આશ્રમ માટે અને ૪૯ એકર જમીન વસાહત માટે ઉપાર્જિત કરવામાં આવી.

પૂજ્ય માસ્ટરે ૨૨મી ડિસેમ્બર ૨૦૦૦ ના રોજ સૂચિત સ્થળની મૂલાકાત લીધી હતી અને જમીન ઉપર શિલાન્યાસ વિધિ કરી અને બાધકામનું આયોજન મંજૂર કર્યું. આ પછી પૂજ્ય માસ્ટરે બે વખત સ્થળની મુલાકાત લીધી હતી અને બાધકામની પ્રગતિનું તપાસ–નિરીક્ષણ કર્યું હતું. પૂજ્ય માસ્ટરે ૭મી જાન્યૂઆરી, ૨૦૦૪ના રોજ આશ્રમ સંકુલનું ઉદઘાટન કરેલું અને તેમના ગુરૂજી પૂજ્ય શ્રી બાબુજી મહારાજને સમર્પિત કરતાં તેનું નામ "ધર્માશ્રમ" આપ્યું હતું. લગભગ ૬ હજાર અભ્યાસીઓ આ પ્રસંગે એકત્રિત થયા હતાં અને જેમાં તેમણે એક નાના શહેરમાં, એક મહાનગરને છાજે તેવા ભવ્ય સંકુલને બાંધવા સ્થાનિક અભ્યાસીઓ દ્વારા ખૂબજ ઉદાર અને ઉમદા ફાળા અને યોગદાનની કદર કરતાં પૂજ્ય માસ્ટરે "ગિવીંગ હાર્ટ્સ" વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.



આ ઈમારતમાં પહેલા માળે વિશાળ ધ્યાન ખંડ (આશરે ૨૦૦૦ ની ક્ષમતા વાળો), છે, તે ઉપરાંત આગળના ભાગમાં ભવ્ય નિસરણી, ભોયરામાં સામૂહીક શયનગૃહ, પૂજ્ય માસ્ટર માટે નાનકડું કોટેજ, રસોડું, નહાવું ધોવું, કપડાં પહેરવાં માટેનો રૂમ તેમજ યાન્ત્રીક વીજળીઘરનો સમાવેશ થાય છે. આશ્રમ પરિસરની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે રમણિય કુદરતી બગીચા છે અને ઘટાદાર ઝાડ પણ રોપેલા છે. ઓન્ગોલ આશ્રમની પણ નિઃશુલ્ક ભોજન આપતા આશ્રમ તરીકે જાહેરાત કરવામા આવેલી છે. દરરોજ સવારે ૬.૩૦ વાગે નિયમિત સત્સંગ કરવામાં આવે છે.





To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. “Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", “Constant Remembrance” and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.